M

—— COPY ——

**THE GANDHIDHAM**
**CHAMBER OF COMMERCE & INDUSTRY**
(ESTD. 1953)
"CHAMBER BHAVAN", Plot No. 71, Sector 8, Post Box No. 58,
**GANDHIDHAM** - Kachchh - 370 201.
**Phone** : +91-02836-220977, 220735 • **Mobile** : 99250 37814 • **Fax** : 220888
**e-mail** : info@gccikandla.com • **Website** : www.gccikandla.com

No. GCCI / ૫૧૭

તા:૧૪.૦૯.૨૦૧૮

શ્રીમતી રેમ્યા મોહન IAS,
કલેક્ટરશ્રી, કચ્છ જિલ્લો,
ભુજ - કચ્છ

વિષય: કચ્છ જિલ્લાનાં વિવિધ માર્ગોનું નવિનિકરણ, સમારકામ, નવા માર્ગ બનાવવા સંદર્ભે રજુઆત

માનનિય બહેનશ્રી,

સવિનય જણાવવાનું કે આપને વિદિત છે કે કચ્છ જિલ્લો હરણફાળ પ્રગતિ કરી રહેલ છે. આ પ્રગતિમાં માળખાકિય સુવિધાઓ મહત્વનો ભાગ ભજવે છે. આ માળખાકિય સુવિધાઓમાં જીલ્લાનાં આતંરિક પણ મહત્વનાં રસ્તાઓની હાલત બિસ્માર છે.

આ સંદર્ભે અમે નીચે જણાવેલ રસ્તાઓ જેમાં તાત્કાલિક સમારકામ, અપૂર્ણ માર્ગને પૂર્ણ કરવા અને નવા રસ્તાની જરૂરીયાત છે તે તરફ આપનું ધ્યાન દોરીએ છીએ.

1. ગળપાદર થી મુન્દ્રા રોડ હજુ સુધી પૂર્ણ થયેલ નથી.
2. ગળપાદર થી એરપોર્ટ ચોકડી. આ ગ્રામ્યવિસ્તાર અંતર્ગત આવે છે. અહીં સર્વિસરોડ કે પુલ પણ નથી. આ રસ્તાનું તાત્કાલિક સમારકામ કરવું અત્યંત જરૂરી છે. અન્યથા આ માર્ગ ઉપર ગંભીર જાનલેવા અકસ્માતો થવાની શક્યતાઓ રહેલ છે.
3. ખેડોઈ વિસ્તારમાં આવેલ ચાંપલમાં મંદિર થી માન ઇન્ડસ્ટ્રીઝ સુધીનો લગભગ ૧૦ કિ.મી. નો માર્ગ અત્યંત ખરાબ છે જેમાં તાત્કાલિક સમારકામની જરૂરીયાત છે.
4. મોખા જંકશન પાસે સર્વિસ રોડ ન હોવાને લીધે વાહનોનેના છુટકે રોંગ સાઇડ જવું પડે છે. આથી તાત્કાલિક સર્વિસરોડ બનાવવાની જરૂરીયાત છે.

ઉપરોક્ત હકિકતોને ધ્યાનમાં લેતાં, આ માર્ગોનાં નવિનિકરણ, સમારકામ, અપૂર્ણકાર્યને ત્વરીત પૂર્ણ કરવા અને નવા માર્ગ બનાવવા સ્થાનિક વહિવટીતંત્રને જરૂરી સૂચના આપવા વિનંતી છે.

આભાર...

આપનો વિશ્વાસુ,

AJoshi
આશિષ જોષી
માનદ મંત્રી

નકલ રવાના: નાયબ કલેક્ટરશ્રી, અંજાર - કચ્છ